# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના પદનામિત મંત્રીઓની આજે ગાંધીનગરમાં શપથવિધિ થશે.**
2. **તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ સપ્ટેમ્બર મહિનામાં 42 કરોડ રૂપિયાની મિલકતો મૂળમાલિકને પરત કરવામાં આવી.**
3. **દિવાળીના તહેવારને લઈ 108 ઈમરજન્સી સેવાની 800થી વધુ એમ્બ્યુલન્સ તહેનાત રહેશે.**
4. **અંબાજીના યાત્રિકો માટે નવી સુવિધા-તીર્થ દર્શન સર્કિટથી આસપાસના ધાર્મિક સ્થળોની યાત્રા કરી શકાશે.**
5. **સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં સુરત સતત બીજા વર્ષે વિજેતા.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CABINET RESHUFFLING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની આજે શપથવિધિ થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ યોજાશે.

સાંભળીએ એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી )**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત નવા મંત્રીમંડળના સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે. નવા મંત્રીમંડળમાં અનેક નવા ચહેરાઓને પણ તક મળવાની શક્યતા છે.

આ અગાઉ મંત્રીમંડળના સભ્યોએ રાજીનામા આપ્યા હતા. દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ રાત્રે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી.

અગાઉ મંત્રીમંડળમાં કુલ 16 મંત્રીઓનો સમાવેશ કરાયો હતો જેમાં 8 કેબિનેટ કક્ષાના , 2ને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો તેમજ 6 રાજ્યકક્ષાના મંત્રી સામેલ હતા.

**મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ**

## DGP SURENDRANAGAR

તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ સપ્ટેમ્બર મહિનામાં 42 કરોડ રૂપિયાની મિલકતો મૂળમાલિકને પરત કરવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સ દરમિયાન રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ માહિતી આપી.

તેમણે કહ્યું, ગત મહિના 715 જેટલા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમો યોજાયા હતા. શ્રી સહાયે સાયબર ગુના અંગે જાગૃત લાવવા પણ અપીલ કરી હતી.

**(બાઇટ : વિકાસ સહાય – DGP)**

---

## DIWALI

આજે રમા એકાદશી સાથે જ ઉજાસના પર્વ એવા દિવાળીના ત્યોંહારનો પ્રારંભ. ભારતીય પંચાંગ અનુસાર નુતન વર્ષના વધામણાં આજથી શરૂ થયા છે. આવતી કાલે વાઘ બારસ અને બાદમાં લોકો ધનતેરસમાં લક્ષ્મી પૂજન કરી નવા વર્ષની શરૂઆત કરશે.

વેપારીઓ નવા વર્ષે પોતાના વેપારનું શુકન કરવા થોડા કલાકો ખોલશે ત્યાર બાદ સીધા લાભ પાંચમે નવેસર થી નવા વર્ષના વેપારની શરૂઆત કરશે. સૌ લોકો ઘર અને પરિવાર સાથે નવા કપડાં પહેરી , રંગોળી અને રોશનીથી ઘર અને દુકાનો સજાવશે . સૌ પરિવાર સાથે મળીને અવનવી મીઠાઇઓ સાથે વિવિધ રંગબેરંગી ફટાકડા ફોળીને ઉજવાશે. દિવાળીના ત્યોંહારને ધ્યાને લઈને રાજ્યભરના મંદિરઓમાં દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે

---

# 108 EMRI SERVICE

108 ઈમરજન્સી સેવા દ્વારા દિવાળીના તહેવારને લઈ વિશેષ આયોજન કરાયું છે. દિવાળીના તહેવારને ધ્યાને લઈ 108 ઈમરજન્સી હેલ્પલાઈનમાં કર્મચારીઓ, તબીબ સહિતના કર્મચારીઓને તહેનાત કરાયા છે.

આ વર્ષે 108ની 800થી વધુ એમ્બુલેન્સની સાથે સરકારી હૉસ્પિટલ્સની પણ એમ્બુલેન્સનો ઉપયોગ કરાશે , તેમ 108 ઈમરજન્સી સેવાના મુખ્ય સંચાલન અધિકારી - C.O.O. જસવંત પ્રજાપતિએ જણાવ્યું.

**(BYTE: JASVANT PRAJAPATI, COO, 108 EMRI)**

---

# AMBAJI TIRTH DARSHAN

અંબાજી આવનાર યાત્રિકો માટે નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેકટર મિહિર પટેલે અંબાજી તીર્થ દર્શન સર્કિટ નામની આ સુવિધાની શરૂઆત કરાવી.

આ સુવિધા અંતર્ગત શક્તિદ્વાર પાસે અંબાજી તીર્થ દર્શનનું કાર્યાલય તૈયાર કરાયું છે અને અહીથી યાત્રિકો સમગ્ર અંબાજી તીર્થનાં મહાત્મ્ય અને ધર્મસ્થાનોની વિગતો ઓડિયો વિઝ્યુઅલ સ્વરૂપમાં મેળવી શકશે. આ સાથે સુશિક્ષિત ગાઈડની મદદથી સર્વાંગી અંબાજી તીર્થધામના દર્શન પણ કરી શકાશે.

શ્રી અંબાજી મંદિરથી આ સર્કિટનો આરંભ થશે અને કોટેશ્વરમાં પૂર્ણાહુતિ થશે . યાત્રિકો સરળતાથી આ સર્કિટનો લાભ મેળવી શકે એ માટે અંબાજી શક્તિદ્વાર પાસે

પ્રવાસન માહિતી કેન્દ્ર ઉભું કરવામાં આવી રહ્યું છે ત્યાંથી યાત્રિકો આ સર્કિટ અંગે માહિતગાર થશે અને નોંધણી કરાવી શકશે.

---

## CHHOTAUDEPUR SWADESHI

આત્મનિર્ભર ભારત અને હર ઘર સ્વદેશી અભિયાન અંગે સાંસદ જશુ રાઠવાએ છોટાઉદપુર ખાતે પત્રકાર પરિષદ યોજી.

તેમણે કહ્યું , સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરીને દરેક ઘરને સ્વદેશી બનાવવાની જવાબદારી દરેક નાગરિકની છે.

તેમણે ઉમેર્યું કે, છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી ભાઈ-બહેનો હસ્તકલા, કૃષિ અને નાના ઉદ્યોગો દ્વારા આ અભિયાનમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે.

**(બાઈટ : જશુ રાઠવા, સાંસદ)**

---

## GIRNAR LILI PARIKRAMA

2 નવેમ્બરથી ગિરનારની પવિત્ર લીલી પરિક્રમાનો પ્રારંભ થશે. જેના આયોજન સંદર્ભે જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ. જેમાં વિવિધ સરકારી વિભાગો સાથે સંકલન અને અમલીકરણ માટે વિવિધ વિષયો અને મુદ્દાની ચર્ચા કરવામાં આવી.

કલેક્ટર અનિલકુમારએ જણાવ્યું હતું કે પરિક્રમા દરમિયાન યાત્રિકોને કોઈ અગવડતા ન પડે તેવું તંત્રનું આયોજન છે. બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર ,

**પરિક્રમા દરમિયાન વીજ પુરવઠો સતત મળી રહે તે માટે જનરેટર મુકાશે. આ સાથે પાણીના 29 પોઇન્ટ પણ ઊભા કરાયા છે.**

---

## STATE TABLE TENNIS

**ગુજરાત સ્ટેટ અને ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2025માં સુરતની ટીમે છમાંથી ત્રણ ખિતાબ જીત્યા છે. જેમાં પુરુષ અને મહિલા ટીમના ખિતાબ સુરતે સતત બીજા વર્ષે હાંસલ કર્યા.**

**ગાંધીધામ ખાતે યોજાયેલી પુરુષોની ફાઇનલમાં સુરતે વડોદરાની ટીમને 3-2થી હરાવી હતી જેમાં અયાઝ મુરાદ , નુતાંશુ દયામા અને દેવર્ષ વાઘેલાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.**

**મહિલાઓની ફાઇનલમાં પણ રોમાંચક રહી જેમાં ફેનાઝ છિપીયા , ફિલઝાહ ફાતીમા કાદરી અને આફ્રિન મુરાદે સુરતની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું.**

---

# SURAT SANSAD LOKARPAN

સુરતમાં માંગરોળ તાલુકાના પાલોદ ખાતે સાંસદ પ્રભુભાઈ વસાવાએ 14 કરોડ 66 રૂપિયાના ખર્ચે 66 કિલોવૉલ્ટના મોલવણ સબ-સ્ટેશનનું લોકાર્પણ કર્યું. તેનાથી માંગરોળના નવ ગામના એક હાજર 782થી વધુ વીજગ્રાહકોને પૂરતો વીજપૂરવઠો મળશે. આ પ્રંસગે 33 લાખ રૂપિયાના ખર્ચે સાહોલ-કીમ-માંડવી માર્ગ પર સ્ટોર્મ વોટર ડ્રેઈન અને પાલોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત પણ કરાયું.

---

# VADODARA GUJCTOC

વડોદરામાં નશીલા દ્રવ્યનું વેચાણ કરતાં આરોપીઓના સમૂહ સામે ગુજસીટોક એટલે કે, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ કાયદા હેઠળ 33 ગુના નોંધવામાં આવ્યા. મળતી માહિતી મુજબ , આ સમૂહ નશીલા દ્રવ્યના વેચાણ સહિત ગેરકાયદે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું હતું. વડોદરા જિલ્લા અને રૅન્જમાં પહેલી વાર જિલ્લા પોલીસે આવા સમૂહ સામે ગુજસીટૉક હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે હાલ પાંચ આરોપીની ધરપકડ કરી તેમના 30 દિવસના રિમાન્ડ મેળવવાની કામગીરી હાથ ધરી છે. આ મામલે તપાસ માટે 17 સભ્યની વિશેષ તપાસ ટુકડી – **S.I.T** પણ બનાવવામાં આવી છે.

આ સમૂહના મુખ્ય સૂત્રધાર સહિતની ટુકડી સામે વડોદરા સહિત અન્ય જિલ્લામાં પણ ગુના નોંધાયા હોવાનું જણાયું છે.

---